**ગાંધીનગરના મે.મુખ્ય મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ,**
**મુકામ–ગાંધીનગર.**

**<u>એમ.એ.સી.પી.નં. ૪૦૦/૨૦૧૪</u>**

**<u>આંક–૩૪.</u>**

અરજદાર–: ગુજરનાર હમીરસિંહ ચાવડાના વારસદાર,

(૧) ચાવડા જગતસિંહ હમીરજી,

(૨) ચાવડા પ્રહલાદજસિંહ હમીરસિંહ,

(૩) ચાવડા જસુબેન હમીરજી,

રહે.પ્લોટ નં.૯૧૨/૨, સેકટર–૫–સી, ગાંધીનગર.

<u>વિરુધ્ધ</u>

સામાવાળા– ગાડી નં.જીજે–૨–બીડી–૫૮૧૧ ના ડ્રાઈવર.

(૧) કેતનસિંહ પ્રતાપસિંહ વિહોલ,

રહે.પીલવઈ, તાઃવિજાપુર, જિલ્લો–મહેસાણા.

ગાડી નં.જીજે–૨–બીડી–૫૮૧૧ ના માલિક.

(૨) વિક્રમસિંહ પુંજાજી વિહોલ,

રહે.પીલવઈ, તાઃવિજાપુર, જિલ્લો–મહેસાણા.

બાબત–: રૂા.૧૦,૦૦,૦૦૦/–નુ અકસ્માત વળતર મેળવવા બાબત.

---

અરજદારો તરફે વિ.વકીલશ્રી જી.કે.ચંપાવત.
સામાવાળા તરફે ગેરહાજર

---

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR

–: ચુકાદો :–

(૧) ગુજરનાર હમીરજી ચાવડાનુ વાહન અકસ્માતમાં તાઃ૭/૨/૨૦૧૪ના રોજ અવસાન થયેલુ છે અને આ અકસ્માત કાર જીજે–૨–બીડી–૫૮૧૧ ના વાહનથી થતા ગુજરનારના વારસોએ વાહનના માલિક સામે રુા.૧૦,૦૦,૦૦૦/– નુ વળતર મેળવવા માટે હાલની અરજી મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ નીચે દાખલ કરવામાં આવી છે.

(૨) અરજદારના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,૭/૨/૨૦૧૪ ના રોજ ગાંધીનગર વિજાપુર હાઈ વે લોદરા પાટીયા પાસે જીજે–૨–બીડી–૫૮૧૧ ની કાર તથા જીજે–૧૮–એએફ–૬૨૧૧ ના બાઈક વચ્ચે બનાવ બનેલો. ગુજરનાર બાઈક ચલાવતા હતા અને તેઓના મિલકત લાલસિંહ ગોપાલસિંહ સ્કુટરની પાછળ બેઠા હતા અને લોદરા ગામ જતા વિજાપુર તરફથી સદર કાર તેના ચાલક પુરઝડપે ચલાવી સ્કુટરને ટકકર મારતા અકસ્માતના કારણે સ્કુટરના ચાલકે ગુજરનાર હમીરજીને ગંભીર ઈજાઓ થયેલી અને તેઓનુ સારવાર દરમિયાન મૃત્યુ થયેલુ. આ અકસ્માતની માણસા પોલીસ સ્ટેશનમાં તાઃ૮/૨/૨૦૧૪ ના રોજ સ્કુટરના પીલીયન રાઈડર લાલસિંહ ગોપાલસિંહે ગાડીના નંબર સાથે ગાડીના ચાલક વિરુધ્ધ ફરીયાદ આપેલી, પંચનામુ થયેલુ.

(૩) ગુજરનારના હાલના અરજદારો પુખ્ત વયના પુત્રો છે તથા અરજદાર નં.૩, ગુજરનારના પત્ની છે. ગુજરનાર ખેતીકામ કરતા હતા તેમજ સીકયુરીટીનુ કામ કરતા હતા અને મહીને રુા.૧૦,૦૦૦/– ની આવક હતી તેમજ ૬૦ વર્ષની ઉંમર હતી અને ગુજરનાર શરીરે તંદુરસ્ત હતા, ભવિષ્યમાં તેઓ ૮૦ વર્ષ જીવી શકે તેમ હતા. ગુજરનારના અવસાનથી કુટુંબને આઘાત લાગેલો છે, પત્નીએ પ્રેમ ગુમાવ્યો છે, આમ તમામ સંજોગોમાં સામાવાળા જે વાહનના માલિકો છે તેઓની વિરુધ્ધ રુા.૧૦,૦૦,૦૦૦/–ના વળતરની માગણી કરવામાં આવી છે.

(૪) આ કામે સામાવાળા નં.૧ જે વાહનના માલિક તરીકે જોડવામાં આવેલા છે તેઓએ આંક–૧૮ થી જવાબ રજુ કરેલ છે અને જવાબમાં અકસ્માતની હકીકત તથા વાહન સંડોવણી બાબતે કોઈ તકરાર લીધી નથી અને કારના ચાલકની કોઈ બેદરકારી ન હતી તેમજ વળતર માટેના

અન્ય કારણોનો ઈન્કારીયતમાં બચાવ લીધો છે. સામાવાળા નં.ર, જેઓને પાછળથી માલિક તરીકે જોડવામાં આવેલા છે તેઓએ બનાવની હકીકતનો સદર સંડોવાયેલ કારને પાછળથી ખોટી રીતે સંડોવી દીધેલાનો બચાવ લીધો છે તેમજ વળતર અને અરજીમાં જણાવેલ અન્ય કારણોનો ઈન્કાર કરેલો છે.

(પ) કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદા આંક–૧૯ થી ઘડવામાં આવેલા છે.

**ISSUES**

1. Whether the applicant/s proves that the deceased died on because of rash and negligent driving on the part of the driver of the vehicle involved in the accident?
2. Whether the applicant/s is/are entitled to get compensation, if yes, what amount and from whom ?
3. What Order and Award ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં,
ર. હકારમાં,(આખરી હુકમમાં જણાવ્યા મુજબ)
૩. આખરી હુકમ મુજબ.

<u>મુદા નં.૧–ર.</u>

(૭) આ કામે અરજદાર પ્રહલાદસિંહની આંક–રર થી જુબાની થયેલી છે. અરજદારે આંક–રપ થી આંક–ર૮ સુધી ફરીયાદ,પંચનામુ, ઈન્કવેસ્ટ પંચનામુ અને પી.એમ. રીપોર્ટ રજુ કરેલા છે તેમજ આંક–૩૦ અને ૩૧ થી સીટી સ્કેન રીપોર્ટ અને સીવીલ હોસ્પિટલમાં ગુજરી ગયા પછી જે ફોર્મ ભરવામાં આવેલ તેની નકલ રજુ કરેલ છે. આ કામે અરજદાર પ્રહલાદસિંહની જુબાની જોતા ગુજરનાર હમીરજી કે જેઓ તેમના પિતાશ્રી થતા હતા તેઓને તા:૭/ર/ર૦૧૪ ના રોજ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયેલી અને આ અકસ્માતના બનાવના બીજા દિવસે સ્કુટરના પાછળ બેઠેલ લાલસિંહ ગોપાળસિંહે વાહનોના નંબર સાથે ફરીયાદ

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR સત્યમેવ જયતે

આપી છે, આમ અકસ્માતના દિવસે ગાડી નં.જીજે–૨–બીડી–૫૮૧૧ તથા વાહન નં.જીજે–૧૮–એએફ–૬૨૧૧ ના અકસ્માતમાં ગુજરનાર પોતાનુ સ્કુટર ચલાવતા હતા અને લોદરાથી વિજાપુર જતા હતા ત્યારે અકસ્માત થયેલો છે. આમ અકસ્માતની હકીકત તથા વાહન સંડોવણી આ પુરાવો જોતા પુરવાર થાય છે. સામાવાળા નં.૨ નાઓએ જે જવાબ રજુ કરેલ છે તેમાં વાહન સંડોવણી બાબતે શંકા વ્યકત કરેલી છે પરંતુ તે બાબતે મૌખિક જુબાની આપી સોગંદ ઉપર કોઈ હકીકત જણાવેલી નથી કે સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ સામાવાળા નં.૧ નાઓએ પણ કોઈ જુબાની આપી નથી તેમજ બંને સામાવાળાઓએ સોગંદ ઉપર બનાવની હકીકતનો ઈન્કાર કરેલરો નથી, આમ વાહન સંડોવણી અને અકસ્માતની હકીકત અને ગુજરનાર જે સ્કુટર ચલાવતા હતા અને આ અકસ્માતમાં ગુજરનારનુ સીવીલ હોસ્પિટલમાં તાઃ૨૩/૩/૨૦૧૪ ના રોજ એટલે કે, બનાવના ૪૫ દિવસ પછી થયેલ ઈજાઓના કારણે અવસાન થયાની હકીકત પુરવાર થાય છે. આમ વિરુધ્ધના પુરાવાના અભાવે આ અકસ્માત સામાવાળા કારના ચાલકની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ હોવાનુ માનવામાં આવે છે અને એ રીતે ગુજરનારનુ મૃત્યુ સામાવાળા કારના ચાલકની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ હોવાનુ અરજદારો પુરવાર કરતા હોઈ મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૨.</u>

(૮) ગુજરનાર હમીરજી પી.એમ.રીપોર્ટ પ્રમાણે ૬૨ વર્ષની ઉંમરે ગુજરી ગયા છે. અરજદાર નં.૧–૨ તેઓના પુખ્ત સંતાનો અને નં.૩, પત્ની છે. ગુજરનારની આવક સંબંધે આંક–૨૯ ની પાસબુક ઉપર આધાર રાખવામાં આવેલો છે પરંતુ આ પાસબુક ઉપરથી ગુજરનારની આવક રુા.૧૧,૦૦૦/– હોવાનુ પુરવાર થતુ નથી, આમ ગુજરનારની આવક રુા.૩૦૦૦/– ધ્યાને લેવામાં આવે છે જે આવક ખેતી તથા સીકયુરીટીની હોવાનુ માની શકાય. ગુજરનારની ભવિષ્યની આવક ઉંમર જોતા ઉમેરી શકાય તેમ નથી તેથી રુા.૩૦૦૦/– આવક ગણતા વાર્ષિક રુા.૩૬,૦૦૦/– થાય છે અને ગુજરનારની ૨/૩ ખર્ચની રકમ બાદ કરતા રુા.૨૪,૦૦૦/– આવે છે અને ૬૨ વર્ષની ઉંમરને ધ્યાને રાખતા ૭ નો ગુણાંક લાગુ કરતા રુા.૧,૬૮,૦૦૦/– થાય છે જે રકમ વાજબી હોઈ આપવામાં આવે છે.

અરજદારો લોસ ટુ એસ્ટેટના રૂા.૧૫,૦૦૦/–લોસ ઓફ કોન્સોર્ટીયમના રૂા.૪૦,૦૦૦/– અને ક્રિયા કારજ ખર્ચના રૂા.૧૫,૦૦૦/– મેળવવા હકકદાર થાય છે, આમ અરજદારો કુલ રૂા.૨,૩૮,૦૦૦/–(અંકે રુપિયા બે લાખ આડત્રીસ હજાર) મેળવવા હકકદાર થાય છે અને તે વાજબી હોઈ આપવામાં આવે છે.

<u>જવાબદારી</u>

(૯) આ કામે મુદા નં.૧ માં ઠરાવ્યા પ્રમાણે અકસ્માત કાર ચાલકની સંપૂર્ણ બેદરકારીના કારણે બનેલ હોવાનુ ઠરાવવામાં આવે છે. સામાવાળા નં.૧, કારના ડ્રાઈવર છે અને સામાવાળા નં.૨, કારના માલિક હોવાનુ રેકર્ડ જોતા જણાય છે તેથી સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ રૂા.૨,૩૮,૦૦૦/–(અંકે રુપિયા બે લાખ આડત્રીસ હજાર) અરજીની તારીખથી રકમ વસુલ થતા સુધી ૮ % ના સાદા વ્યાજ તથા ખર્ચ સાથે અરજદારોને ચૂકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવી સદર મુદાનો જવાબ તે રીતે આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

(૧) અરજદારોની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ અકસ્માત વળતરની રકમ રૂા.૨,૩૮,૦૦૦/– (અંકે રુપિયા બે લાખ આડત્રીસ હજાર) અરજીની તારીખથી રકમ વસુલ થતા સુધી ૮ % ના સાદા વ્યાજ સાથે સંયુકત અને વિભકત રીતે અરજદારોને ચૂકવી આપવી.

(૩) વળતરની રકમ જમા થયેથી ચૂકવણી અંગેનો હુકમ કરવામાં આવશે.

(૪) અરજીનુ ખર્ચ સામાવાળાઓએ ભોગવવુ.

(૫) નિયમ મુજબ હુકમનામુ દોરવુ.

તાઃ૦૧/૦૭/૨૦૧૯.
ગાંધીનગર.

(ઈલેશ.જે.વોરા)
GJ 00136.
એમ.એ.સી.ટી.(મુખ્ય)
ગાંધીનગર.